Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

# EduSafar

## Current affairs April-2016

Current affairs 42(1) સામાન્ય જ્ઞાન 1/4/16

૧) હાલમાં ભારતના ચૂંટણીપંચ દ્વારા સમાધાન પંચ નામની મોબાઈલ એપ લોન્ચ કરેલ છે, આ એપ વડે મતદાતાઓ પોતાની ફરિયાદ કરી શકશે.

૨) મતદાતાઓ ચુંટણી અભિયાન સંબધિત ફરિયાદો સુવિધા નામની એપ એપ ઉપરથી કરી શકશે.

3) 31 માર્ચ 1959 ના રોજ તિબેટીય ધર્મગુરુ દલાઈલામા તિબેટના પાટનગર લ્હાસાથી 15 દિવસની પદયાત્રા કરી ભારતની સરહદમાં પ્રવેશ્યા હતા.

૪) 30 માર્ચ 2016 ના રોજ મ્યાનમારમાં 54 વર્ષ બાદ લોકશાહીણી નવી સરકારે સતા સંભાળેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) હાલ બેલ્જીયમના વિદેશમંત્રી ડીડીયર રેયન્ડર્સ છે.

૬) હાલમાં દેશના પ્રધાનમંત્રી ત્રણ દેશના પ્રવાસે છે ત્યારે તેનું બેલ્જીયમમાં ગર્દ ઓફ ઓનરથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

૭) ચેમ્પિયન ઓસ્ટ્રેલીયન મહિલા ક્રિકેટ ટીમે મહિલા ટી-20 વર્લ્ડકપનીસેમી ફાઈનલમાં ઇંગ્લેન્ડને પાંચ રને પરાજય આપી ફાઈનલમાં પ્રવેશ મળવી લીધો છે.

૮) સ્ટાર ફૂટબોલર નિયોનેલ મેસ્સીએ બોલિવિયા સામેના વર્ષ 2018 ના ફૂટબોલ વર્લ્ડકપ ક્વોલિફાયર મુકાબલામાં પોતાની કારકિર્દીનો 50 માં આંતરરાષ્ટ્રીય ગોલ કરી ટીમને 2-0 થી જીત આપવેલ છે.

૯)ભારતીય ટીમના ટોચના મહિલા બોક્સર એમ.સી. મેરીકોમ,દેવેન્દ્રસિંહ, અને શિવ થાપાએ એશિયન ઓલિમ્પિક ક્વોલીફાય ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

૧૦) અમેરિકાની પીટરસન ઇન્સ્ટીટયુટ ફોર ઇન્ટરનેશનલ ઇકોનોમિકસના એક પેપર મુજબ 1996 થી 2014 દરમિયાન વિશ્વભરમાં અબજોપતિઓણી

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

સંપતિમાં સાડા છ ગણો વધારો નોંધાયો છે.

૧૧) હાલમાં ફ્રાંસ સરકાર કર્મચારીઓ માટે “રાઈટ ટુ ડીસ્કનેક્ટ” નામનો કાયદો લાવવામાં આવશે, જેનાથી કર્મચારીઓની જિંદગી સુધરશે.

૧૨) ભારતમાં ફેક્ટરી એક્ટ 1948 અનુસાર અઠવાડિયામાં 48 કલાક (દિવસમાં 9 કલાક)વધારે કામ લેવાની જોગવાઈ નથી, ઓવર ટાઈમ માટે વેતનનું ડબલ પેમેન્ટ કરવું પડે છે.

૧૩) ૩૦ માર્ચ 2016 ના રોજ ચીને બેઈદોઉ નેવિગેશન ઉપગ્રહ પ્રણાલીના 22 માં સંસ્કરણનું પ્રક્ષેપણ કરેલ છે.

૧૪) ૩૦ માર્ચ 2016 ના રોજ વિપ્રોના બોર્ડ ઓફ ડાયરેક્ટર તરીકે પૈટ્રિક ડુપુઈને નિયુક્ત કરવામાં આવ્યા છે.

૧૫) હરિયાણા સરકાર દ્વારા 29 માર્ચ 2016 ના રોજ મનોહર લાલ ખટ્ટર દ્વારા 29 માર્ચ 2016 ના રોજ ચંડીગઢમાં સલામતી યોજનાનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે.

૧૬) પાશ્વ ગાયિકા પી. સુશીલા મોહન 12 ભાષાઓમાં 17,695 ગીતો ગાવા

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

બદલ તેમનું નામ ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધવામાં આવ્યું છે.

૧૭) પાશ્વ ગાયિકા પી. સુશીલા મોહનના નામે અન્ય એક સિદ્ધિ નોંધાઈ છે, જેમાં ભારતીય ભાષામાં સૌથી વધુ ગીતો ગાવાના રોકોર્ડ સ્વરૂપે તેઓને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળવા પામ્યું છે.

૧૮) કેન્દ્ર સરકાર દ્વારા જી.આઈ.એસ. સક્ષમ એચ.એમ.આઈ.એસ. એપ્લીકેશન અને સી.જી.એચ.એસ.કાર્ડનું શરૂઆત કરવામાં આવી છે.

૧૯) કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસમંત્રીએ વૃંદાવનમાં એક હજાર વિધવાઓના આવાસની યોજનાનો પ્રારંભ કરાવ્યો છે.

૨૦) કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હીમાં એકિકૃત ભવન નિર્માણમાં ૯૫ નિયમોની જાહેરાત કરવામાં આવી છે.

Current affairs 43(1) સામાન્ય જ્ઞાન 2/4/16

૧) હાલમાં સ્વીડનના વૈજ્ઞાનિકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે સ્માર્ટફોનની ઈમેજ પ્રોસેસિંગની મદદથી કાનના સંક્રમણની તપાસ થઇ શકશે.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

# Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૨) કોલકતામાં સૌથી મોટા હોલસેલ માર્કેટ બુર્રાબજાર વિસ્તારમાં નિર્માણાધીન પુલ 2.2 કિમી લંબાઈનો એક ભાગ તૂટી પડતા 18 લોકોના મૃત્યુ થયા છે.

3) આગામી 8 એપ્રિલથી જમ્મુ-દિલ્હી મોર્નિંગ ફ્લાઈટ શરૂ થશે.

૪) હૈદરાબાદ યુનિવર્સીટી કેમ્પસની અંદર બનેલા રોહિત વેમુલાના મેમોરિયલને તોડી પાડવામાં આવશે.

૫) 1 એપ્રિલ 2016 થી ડીજીટલ ઇન્ડિયા, ગુજરાત અંતર્ગત વિવિધ સરકારી વિભાગોની 28 જેટલી સેવાઓ એક જ પોર્ટલ પર કાર્યરત કરવામાં આવશે.

૬) વિખ્યાત લેખક અને પત્રકાર બાબુ ભારદ્વાજનું અવસાન થયું છે, તેઓ 68 વર્ષના હતા.

૭) વિમેન્સ ટી-20 વર્લ્ડકપની બીજી સેમીફાઈનલમાં વેસ્ટઇન્ડીઝની વિમેન્સ ક્રિકેટ ટીમે ન્યુઝીલેન્ડની વિમેન્સ ટીમને છ રને પરાજય આપી વર્લ્ડકપની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

૮) ઓલિમ્પિક ગોલ્ડ જીતનારી બહેનોની પ્રથમ જોડી તરીકે વિનસ અને સેરેના (સિડની 2000) માં સ્થાન મેળવી શકી હતી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૯) 1 એપ્રિલ 1976 ના રોજ એપલ કંપનીની સ્થાપના કરવામાં આવી હતી, 3 જાન્યુઆરી 1977 ના રોજ આ કંપનીને એપલ કમ્પ્યુટર ઈન્કના નામે નિયમિત કરવામાં આવી હતી.

૧૦) બ્રુનેઇના સુલતાન પાસે દુનિયાનો સૌથી મોટો લક્ઝરી મહેલ ધ ઇસ્તાના નુરુલ ઈમાન છે, જેમાં 1788 રૂમ છે.

૧૧) હાલ ભારતીય સૈન્યને 3,53,765 બુલેટપ્રૂફ જેકેટની જરૂરિયાત છે તેની સામે 50,000 જેકેટની ઉપલબ્ધી થશે.

૧૨) વ્યક્તિના ઈમોશન રેકોર્ડ કરતુ એક સોફ્ટવેર વિકસાવનાર કોલકાતાના સુમેશ ડુગરને ગુગલ લોન્ચપેડ અંતર્ગત 10,000 સ્ટાર્ટઅપ્સમાં સામેલ કરવામાં આવેલ છે, ગુગલે સુમેશને વીસ હજાર ડોલરનું ઇનામ આપેલ છે.

૧૩) 28 માર્ચ 2016 ના રોજ રાકેશ મોહનને નેસ્લે ઇન્ડિયા લીમીટેડ દ્વારા ગૈર સરકારી નિર્દેશકના રૂપમાં નિયુક્ત કરવામાં આવ્યા છે.

૧૪) 30 માર્ચ 2016 ના રોજ ફ્રોસ્ટીન અચાર્જ તૌદેરાએ મધ્ય આફ્રિકી ગણરાજ્યના રાષ્ટ્રપતિ તરીકેના શપથ ગ્રહણ કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૧૫) તૌદેરા ગણિતના પ્રોફેસર રહી ચુક્યા છે, તે એક દેશના પ્રધાનમંત્રી પણ રહી ચુક્યા છે.

૧૬) કેન્દ્ર સરકાર દ્વારા પોતાના અગ્રણી કાર્યક્રમ સુગમ્ય ભારત અભિયાનના ભાગ રૂપે સમાવેશી અને સુગમ્યતા સૂચકાંક લોન્ચ કરેલ છે.

૧૭) ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પ્રથમ સીધું એમ.વી.હાર્બર-1 જહાજ કૃષ્ણાપટ્ટનમથી રવાના કરવામાં આવેલ છે.

૧૮) ગીતા રેડ્ડી 1 એપ્રિલ 2016 ના રોજ પ્રથમ મહિલા બન્યા કે જે પી.એ.સી.ના અધ્યક્ષના રૂપમાં નિયુક્ત કરાયા છે.

૧૯) હાલમાં ભારત અને અમેરિકાએ ગુરુત્વાકર્ષણ તરંગ વૈધશાળા માટે સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

૨૦) ભારતના પશ્ચિમ ઘાટમાં વૈજ્ઞાનિકોના સમુહે રેતી ખાનાર ટૈડપોલની શોધ કરેલ છે.



**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧) ફ્રાન્સના સ્વીમર ફ્લોરેન્ટ મનાઉડોઉ ફ્રેન્સે નેશનલ ચેમ્પીયનશીપના 100 મીટર ફ્રી સ્ટાઈલમાં બીજી વખત સમય સાથે રેકોર્ડ કરેલ છે.

૨) આજ સુધીમાં બ્રિટનના ક્રીસ હોએ ઓલિમ્પિકમાં સૌથી વધારે મેડલ (સાત) જીતનારા સાઈક્લીસ્ટ છે.

3) 2 એપ્રિલ 1970 ના રોજ અસમ પુનઃ ગઠન કાયદા હેઠળ ઉત્તર-પૂર્વમાં મેઘલાયને સ્વાયત રાજ્યનો દરજ્જો અપાયો હતો.

૪) 21 જાન્યુઆરી 1971 ના રોજ મેઘાલય રાજ્યને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

૫) ગત 1 એપ્રિલથી નવા આઈ.ટી.આર. ફ્રોર્મ જાહેર કરવામાં આવ્યા છે, આ ફ્રોર્મમાં 50 લાખથી વધારે આવક ધરાવતા લોકોએ પોતાની સંપતિનું વિવરણ આપવું પડશે.

૬) હાલમાં વાર્ષિક તુલનાએ ભારતનું દેવું 4,7 ટકાથી વધીને 480 અબજ ડોલર નોંધાયું છે.

૭) 2 એપ્રિલના રોજ વર્લ્ડ ઓટીઝમ અવર્નેસ ડે તરીકે ઉજવવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૮) ઓટીઝમ (સ્વલીનતા)મગજના વિકસની જટિલ વ્યવસ્થિત સ્થિતિઓ પૈકીની જ એક પરિસ્થિતિ છે.

૯) હાલમાં આઠ જેટલા પર્યટકો હિમાચલ પ્રદેશના ચંદ્રખાની પાસ નામના વિસ્તારમાં ફસાયા હોવાથી ચર્ચામાં રહેલા.

૧૦) મધ્ય પ્રદેશ સરકાર દ્વારા 1 એપ્રિલ 2016 ના રોજ શુખહાલી મંત્રાલયનો પ્રારંભ કરેલ છે.

૧૧) ભારતમાં લેજર ઇન્ટરફેરો મીટર ગ્રેવીટેશન વેબ ઓબ્જર્વેટરી (લીગો) સ્થાપવા માટે ભારત અને અમેરિકા વચ્ચે 1 એપ્રિલ 2016 ના રોજ એક સમજુતી કરાર પર હસ્તાક્ષર થયેલ છે.

૧૨) હાલ ભારતના પરમાણું ઉર્જા વિભાગના સચિવ શેખર બસુ છે.

૧૩) પ્રખ્યાત ઈરાકી બ્રિટીશ વાસ્તુકાર જાહા હદીદનું હાલમાં અવસાન થયેલ છે, તેઓ 65 વર્ષની વયના હતા.

૧૪) દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેઝરીવાલે હરિત દિલ્હી માટેની પહેલનો શુભારંભ કરાવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૧૫) હાલમાં ઇન્ડિયન ડાયરેક્ટ સેલિંગ એસોસીએશન (આઈ.ડી.એસ.એ.)ના અધ્યક્ષ તરીકે જીતેન્દર જગોતાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

૧૬) હવેથી જીતેન્દ્ર જગોતા એમવે ઇન્ડિયાના રાષ્ટ્રીય કોર્પોરેટ અધ્યક્ષ રજત બેનર્જીનું સ્થાન લેશે.

૧૭) 31 માર્ચ 2016 ના રોજ ઝારખંડના મુખ્ય સચિવ તરીકે રાજબાલા વર્માની નિયુક્તિ કરવામાં આવેલ છે.

૧૮) ભારત સરકાર દ્વારા સરકારી સેવામાં નિયુક્ત થતા ઉમેદવારોનું ભુતકાળ અને ચરિત્રની તપાસ કરાવશે, નવા પ્રસ્તાવ મુજબ ઉમેદવારોની પોલીસ તપાસ કરાવાશે, પરંતુ તેના રીપોર્ટ સુધી નિયુક્તિ પત્રને રોકી શકાશે નહિ.

૧૯) 31 માર્ચ 2016 ના રોજ ગુયેન વિયેતનામ સંસદના પ્રથમ મહિલા અધ્યક્ષ તરીકે કીમ નગનને ચૂંટવામાં આવ્યા છે.

૨૦) 30 માર્ચ 2016 ના રોજ દેશના પ્રધાનમંત્રીએ એશિયાના સૌથી મોટા ઓપ્ટીકલ ટેલીસ્કોપ "એરીજ"નું ઉદ્ઘાટન કરેલ છે.



**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧) આઈ.આઈ.એમ. બેંગલુરુના ડાયરેક્ટર સુનીલ વાચાનીએ પોતાનો કાર્યકાળ પૂરો થવાના બે મહિના અગાઉ પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી દીધેલ છે.

૨) દિલ્હીની એસ.બી.આઈ. બેંકમાં હવે લાઈન લગાવવાની ટીકીટ એપથી મેળવી શકાશે.

૩) વિશ્વનો ગ્રેટ બ્રિટન એકમાત્ર એવો દેશ છે, કે જેણે ઓલિમ્પિકમાં ઓછામાં ઓછા એક ગોલ્ડમેડલ જીતેલ છે.

૪) હાલ દેશના વડાપ્રધાન બે દિવસના સાઉદી આરબના પ્રવાસે હતા, ત્યારે તેના ગવર્નર પ્રિન્સ ફૈસલ બિન બંદર અલ સાઉદે તેમનું સ્વાગત કર્યું હતું.

૫) એક અંદાજ મુજબ વિશ્વનો સૌથી લાંબો રોડ પાન અમેરિકન હાઈ વે માનવામાં આવે છે.

૬) હાલમાં સમગ્ર દેશમાં આધાર કાર્ડ ધારકોની સંખ્યા 100 કરોડ થવાની ધારણા બાંધવામાં આવી છે.હાલ 99.91 કરોડ આધાર નંબર આપાઈ ચુક્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૭) સરકાર નવી કંપનીના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ઝડપી અને સરળ બનાવવા માટે કોર્પોરેટ અફેર્સ મીનીસ્ટ્રીએ સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટરની સ્થાપના કરેલ છે.

૮) વિશ્વમાં સૌથી વધારે સ્ટીલનું ઉત્પાદન ચીન કરે છે, સ્ટીલનો વાર્ષિક કારોબાર 165 કરોડથી પણ વધારે છે.

૯) 3 એપ્રિલ 1984 ના રોજ વાયુસેનાના સ્કવોડ્રન લીડર રાકેશ શર્મા અંતરીક્ષમાં જનાર પ્રથમ ભારતીય બન્યા હતા.

૧૦) રાકેશ શર્માએ સેલ્યુટ-7 અંતરીક્ષયાનમાં 7 દિવસ અને 21 કલાક વિતાવ્યા હતા.

૧૧) ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યના 29 જિલ્લાની 75 નગરપાલિકાઓને વિકાસ કામો માટે 104 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

૧૨) ભારતીય બોક્સર શિવા થાપાએ 1 એપ્રિલ 2016 ના રોજ કીયાનન ચીનમાં આયોજિત એશીયાઇ ક્વાલીફાઈંગ ટુર્નામેન્ટમાં 56 કિલોગ્રામ વર્ગમાં રજતપદક મેળવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૩) 63 માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં સંપૂર્ણ મનોરંજન પ્રદાન કરનાર ફિલ્મનો પુરસ્કાર બજરંગી ભાઈજાનને આપવામાં આવ્યો છે.

૧૪) હાલમાં પી.આર.શ્રીજેશને હોકી ઇન્ડિયા દ્વારા બીજા વર્ષે પણ શ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરેલ છે.

૧૫) હાલમાં આંતરરાષ્ટ્રીય ટી-20 રેન્કિંગમાં ભારતીય ખેલાડી વિરાટ કોહલી મોખરે છે.

૧૬) હાલમાં બાંગ્લાદેશની અદાલત દ્વારા રાજ્ય ધર્મના રૂપમાં ઈસ્લામને નાબુદ કરેલ છે.

૧૭) હાલમાં સેગર્ય કર્જાકીન કે જેઓ રશિયાના ગ્રાન્ડ માસ્ટર છે તેણે ફ્રીડ વિશ્વ શતરંજ ટુર્નામેન્ટ 2016 જીતેલ છે.

૧૮) હાલમાં ઇન્ડિયન પ્રીમિયર લીગ 2016 ના સત્ર માટે ટીમે જે કપ્તાન નિયુક્ત કર્યા તે જાહિર ખાન.

૧૯) પુનઃ ગઠિત સંગઠન બોર્ડની પ્રથમ બૈઠક 6 એપ્રિલ 2016 ના રોજ દિલ્હીમાં આયોજિત કરાશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૨૦) અમેરિકામાં સ્માર્ટફોન જેવી પિસ્તોલ બનાવવામાં આવી છે, જે વર્ષ 2016 માં પ્રદર્શિત કરાશે.

## Current affairs 46 (1) સામાન્ય જ્ઞાન 5/4/16

૧) આવક વેરા ખાતા દ્વારા પ્રથમવાર આવકવેરા ચુકવતા નાગરિકોની સુવિધા માટે ઈ-અપીલ ફાઈલિંગ સીસ્ટમ લોન્ચ કરેલ છે.

૨) આજે દેશના વડાપ્રધાન દ્વારા સ્ટેન્ડઅપ યોજના અંતર્ગત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની મહિલાઓને 1 કરોડ સુધીની લોન મળી શકે તેવી સ્ટેન્ડઅપ યોજનાનો પ્રારંભ કરશે.

3) 4 એપ્રિલ 2016 ના રોજ આસામ ખાતે 126 વિધાનસભા બેઠક માટે અને પશ્ચિમ બંગાળ ખાતે 65 બેઠકોનું પ્રથમ તબક્કાનું મતદાન થયેલ.

૪) રેલ્વેની ક્લીન માય કોચ યોજનામાં સૌરાષ્ટ્રની છ ટ્રેનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૫) જાણીતા ટેનીસ ખેલાડી માર્ટીના નવરાતીલોવા ટેનિસમાં સૌથી વધારે

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

(344) ખિતાબ જીતનાર ખેલાડી છે.

૬) ફ્રાન્સના સ્વીમર લોકોર્ટે ફ્રેંચ સ્વીમીંગ ચેમ્પીયનશીપની 100 મીટર બેક સ્ટ્રોક સ્પર્ધા તેણે જીતી લીધેલ છે.

૭) 5 એપ્રિલ 2016 ના રોજ પ્રથમ ગતિમાન એક્સ્પ્રેસ દિલ્હીથી અગ્રા વચ્ચે શરુ કરવામાં આવશે.

૮) 7 એપ્રિલના રોજ વિશ્વ સ્વાસ્થ્ય દિવસ ઉજવવામાં આવશે, આ વર્ષે ડાયાબીટીસ થીમ રાખવામાં આવશે.

૯) આગામી 8 એપ્રિલ 2016 ના રોજ ઇન્દોર ખાતે વિશ્વનું પ્રથમ લાંબુ સંમેલન યોજાશે.

૧૦) ભૂકંપ સામે જીતનારા લોકો માટે નેપાળના કાઠમંડુમાં 5 કિમી. વ્હીલચેર રેસ યોજવામાં આવી હતી.

૧૧) 4 એપ્રિલ 1930 ના રોજ તુર્કીના અનેક શહેરોના નામ બદલવામાં આવ્યા હતા.

૧૨) ડોલ્ફિનના અસ્તિત્વને ટકાવી રાખવા ગંગા નદીમાં કહલગાંવ અને

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

સુલતાનગંજ વચ્ચે 50 કિમી જેટલી લંબાઈમાં અભ્યારણ જાહેર કરવામાં આવેલ છે, તેનું નામ વિક્રમ શીલા ગેંજટીક ડોલ્ફિન ચેન્ચ્યુરી રાખવામાં આવ્યું છે.

૧૩) ભારતના અંદમાન નિકોબાર ટાપુઓનો 1962 કિલોમીટર લાંબો દરિયા કિનારો અનેક પ્રકારની દુર્લભ જીવસૃષ્ટિ ધરાવે છે.

૧૪) નેશનલ સાઈકલીંગ ઇવેન્ટમાં છતીસગઢના જશપુરની એલીઝાબેથ અન્ડર ફાઈવ રહી તેણે બે ગોલ્ડ મેડલ મેળવેલ છે.

૧૫) વ્યક્તિના ફેફસામાં થતી કાયમી બીમારી એટલે ઈમ્ફીસેમા જે મોટે ભાગે ફેફસાને ખતમ કરી નાંખે છે.

૧૬) બેંગલુરુની રેડક્રોસ સોસાયટી દ્વારા નવી પહેલ હવે માત્ર બ્લડ ડોનેશન નહિ પણ બ્લડ એકાઉન્ટ પણ ખોલાવી શકાશે, અને જરૂર પડ્યે તે પરત મેળવી પણ શકાશે.

૧૭) દેશમાં સૌથી વધુ મહિલા વ્યવસાયી ધરાવતા રાજ્યોમાં તમિલનાડુ પ્રથમ ક્રમાંકે આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૮) હાલ ભારતમાં વ્યવસાયિક મહિલાઓની સંખ્યા 5,40 કરોડ જેટલી છે.

૧૯) આ વખતનો સૌથી ખરાબ ફિલ્મ માટેનો ગોલ્ડન કેલા એવોર્ડ દિલવાલે ફિલ્મને આપવામાં આવેલ છે.

૨૦) સોનમ કપૂરને સૌથી ખરાબ અભિનેત્રી તરીકે 'પ્રેમ રતન ધન પાયો' ફિલ્મ માટે એવોર્ડ આપવામાં આવ્યો છે.

## Current affairs 47 (1) સામાન્ય જ્ઞાન 6/4/16

૧) જમ્મુ કાશ્મીરમાં મહેબુબા મુફ્તી મુખ્યમંત્રી બનવા સાથે દેશમાં કુલ પાંચ મહિલા મુખ્યમંત્રી બન્યા છે.

૨) સૌથી પહેલા બાસ્કેટબોલ મેચ સોકરના બોલથી રમાઈ હતી.

3) ભારતીય બેટિંગ સ્ટાર વિરાટ કોહલી હાલમાં આઈ.સી.સી. વર્લ્ડ ટી-20 ઈલેવનના કપ્તાન જાહેર કરાયા છે.

૪) અમેરિકાના જિમ હર્મન શેલ હ્યુસ્ટન ઓપન ગોલ્ફ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

બની 8 કરોડ રૂપિયા જીત્યા છે.

૫) ચીનના પૂર્વ સમ્રાટ યલો એમ્પરર(પોલ સમ્રાટ) ની યાદમાં ક્વિન્મીંગ ફેસ્ટીવલ ઉજવવામાં આવે છે.

૬) કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા બહાર પાડેલી યાદી અનુસાર ગુજરાતની બે સંસ્થાઓને ટોચનું સ્થાન મળ્યું છે, તેમાં આઈ.આઈ.એમ. અમદાવાદને બીજું સ્થાન પ્રાપ્ત થયેલ છે.

૭) 5 એપ્રિલ 1955 ના રોજ બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે સ્વાસ્થ્યના કારણોસર રાજીનામું આપ્યું હતું.

૮) કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા બહાર પાડેલી યાદી અનુસાર આઈ.આઈ.એમ. બેંગલુરુને પ્રથમ સ્થાન આપવામાં આવ્યુ છે.

૯) UPA સરકારના ફૂડ સિક્યોરીટી એક્ટનો અમલ હાલ ગુજરાતમાં 'માં અન્નપૂર્ણા યોજના' રૂપે કરવામાં આવેલ છે.

૧૦) આજના હાઈટેક યુગમાં પણ દક્ષિણ સુદાનમાં ફક્ત 16 ટકા મહિલાઓ સાક્ષર છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૧) ટેનિસના નંબરવન ખેલાડી નોવાક જોકોવિચે મિયામી ઓપનની ફાઈનલમાં જાપાનને હરાવી છઠ્ઠીવાર ટાઈટલ જીતી લીધેલ છે.

૧૨) રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,આર.કે. યુનિવર્સીટી બાદ મારવાડી કેમ્પસને યુનિવર્સીટીનો દરજ્જો આપવાની તૈયારી થઇ ચુકી છે.

૧૩) વિશ્વમાં સોનાના વપરાશમાં ભારત બીજા સ્થાન પર રહેવા પામેલ છે, પરંતુ ગોલ્ડ રીઝર્વમાં ભારત ટોપટેન માંથી બાકાત રહી ગયું છે.

૧૪) જર્મની દેશ ભારત કરતા છ ગણું વધારે સોનું એટલે કે 3381 ટન હિસ્સો ધરાવે છે.

૧૫) હાલમાં કલ્યાણ જવેલર્સે અભિનેત્રી સોનમ કપૂરને પોતાની પ્રોડક્ટના બ્રાંડ એમ્બેસેડર તરીકે પસંદ કરેલ છે.

૧૬) હાલમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદીને સાઉદી આરબના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનવામાં આવ્યા છે.

૧૭) 1 એપ્રિલ 2016 ના રોજ વોશિંગ્ટન ડી.સી.માં પરમાણું સુરક્ષા શિખર સંમેલન 2016 સંપન્ન થયું.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૮) 4 એપ્રિલ 2016 ના રોજ પાકિસ્તાનના ક્રિકેટ ટીમના મુખ્ય કોચ પદ પરથી વકાર યુનુસે રાજીનામું આપી દીધેલ છે.

૧૯) ભારતે ટી-20 ટીમ રેન્કિંગમાં 26 જાન્યુઆરી 2016 ના રોજ સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યું હતું.

૨૦)ભારતની પ્રથમ ગતિમાન એક્સ્પ્રેસને રેલ્વે મંત્રી સુરેશ પ્રભુ દ્વારા પાંચ એપ્રિલના રોજ શરુ કરવામાં આવેલ છે.

Edusafar

## Current affairs 48 (1) સામાન્ય જ્ઞાન 7/4/16

૧) સયુંકત રાષ્ટ્રના મહાસચિવ પદ માટે ન્યુઝીલેન્ડમાં પૂર્વ વડાપ્રધાન હેલન ક્લાર્કના નામની રજૂઆત કરવામાં આવી છે, ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જોન કેએ તેમને તેમના દેશ તરફથી નામાંકિત કર્યા છે.

૨) હાલમાં ફેસબુક દ્વારા દ્રષ્ટિહીન લોકો માટે આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ ફીચરની શરૂઆત કરેલ છે, તેનાથી અંધલોકો ફોટાઓ અનુભવી શકશે.

3) હાલમાં મ્યાનમારના પૂર્વ રાષ્ટ્રપતિ થેન સેન બૌદ્ધ સન્યાસી બની ગયા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) આગામી સત્રમાં અમલમાં આવનાર નવા પાઠ્યપુસ્તક ધોરણ 9 અને 11 માટે ઓનલાઈન મુંકી દેવામાં આવ્યા છે.

૫) હાલમાં પાકિસ્તાન ક્રિકેટ ટીમે 5 એપ્રિલ 2016 ના રોજ સરફરાજ અહેમદને ટીમ-20 ના કપ્તાન બનાવવામાં આવ્યા છે.

૬) આગામી 6 થી 16 એપ્રિલ 2016 દરમિયાન સુલતાન અઝલન શાહ હોકી ટુર્નામેન્ટનું 25 મુ સત્ર જાપાનમાં યોજાશે.

૭) વિશ્વમાં સૌથી નાની ટેનીસ મેચ (34 મિનિટ) સ્ટેફી ગ્રાફ નતાલિયા જવરેવા વચ્ચે વર્ષ 1988 માં યોજાઈ હતી.

૮) હાલમાં અમેરિકન સંરક્ષણ વિભાગે પેન્ટાગોન બેલ હેલીકોપ્ટર કંપનીને પાકિસ્તાન માટે હેલીકોપ્ટર બનાવવાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે, આ ઓર્ડર વર્ષ 2018 માં પૂર્ણ કરાશે.

૯) 5 એપ્રિલ 2016 ના રોજ બિહારમાં દારૂબંધી લાગુ થવાને કારણે દેશમાં બિહાર દારૂબંધી ધરાવતું ચોથું રાજ્ય બનવા પામેલ છે.

૧૦) હાલમાં ભારતીય મહિલા હોકી ટીમ હોકેસ બે કપ ટુર્નામેન્ટમાં ગ્રુપ બીની

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

અંતિમ મેચમાં ચીન સામે પરાજિત થયેલ છે.

૧૧) જાહેર ક્ષેત્રની ઓઈલ કંપની ઓ.એન.જી.સી.એ ગુજરાત ખાતેના ડ્રીલીંગ પ્રોજેક્ટમાં 350 કરોડ રૂપિયાનું રોકાણ કરવાની મંજુરી મેળવી ચુકી છે.

૧૨) વિશ્વમાં ઓલિમ્પિક રમતોનું આધુનિક સ્વરૂપમાં આયોજન પ્રથમવાર 6 એપ્રિલ વર્ષ 1896 માં એથેન્સમાં થયું હતું.

૧૩) ભારતે પ્રથમવાર વર્ષ 1900 માં ઓલિમ્પિક રમતોમાં ભાગ લીધો હતો.

૧૪) સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રીસર્ચ ઇન્સ્ટીટયુટના રીપોર્ટ પ્રમાણે વિશ્વમાં વર્ષ 2015 ના વર્ષમાં સંરક્ષણ માટે 1.676 બિલીયન ડોલર ખર્ચવામાં આવ્યા હતા.

૧૫) વર્ષ 2005 બાદના દસ વર્ષમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રે ખર્ચ 43 ટકા વધારવામાં આવેલ છે.

૧૬) સમગ્ર વિશ્વમાં લશ્કર પાછળ કરવામાં આવતા ખર્ચમાં ભારતનો હિસ્સો માત્ર 3.1 ટકા જ છે.

૧૭) કેન્દ્ર સરકાર દ્વારા 6 એપ્રિલ 2016 ના રોજ કેબીનેટની બેઠકમાં નેશનલ

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

વોટર ઇન્ફોર્મેશન સેન્ટર બનાવવાની યોજનાને મંજુરી આપેલ છે.

૧૮) વિકાસ અને શાંતિના હેતુથી વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય ખેલ દિવસ 6 એપ્રિલના રોજ મનાવવામાં આવ્યો.

૧૯) નવી સ્પેક્ટ્રમ પોલીસીને 6 એપ્રિલ 2016 ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

૨૦) 3 એપ્રિલ 2016 ના રોજ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે આગ્રાથી ઇટાવા લાયન સફારી પાર્ક સુધી સાઈકલ હાઈવે બનાવવામાં આવશે આ હાઈવે દેશનો સૌથી લાંબો સાઈકલ ટ્રેક હશે.

## Current affairs 49 (1) સામાન્ય જ્ઞાન 8/4/16

૧) કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા 19 સરકારી હોસ્પિટલોમાં દરરોજ અલગ રંગની બેડશીટ બદલવામાં આવશે, જેથી ઇન્ફેકશનનો ફેલાવો અટકાવી શકાય.

૨) ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણીના ધર્મપત્ની કમલા અડવાણીનું

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

નિધન થયું છે, તેઓ 84 વર્ષના હતા.

૩) વિશ્વની પ્રથમ ઓલિમ્પિક ગેમ્સમાં સૌથી વધારે મેડલ જર્મનીના કાર્લ શુહમને જીત્યા હતા.

૪) જાપાનના જાણીતા સ્વીમર કોસુકો હેગીનોએ જાપાન નેશનલ સ્વીમીંગ ચેમ્પીયનશીપમાં 200 મીટર ફ્રી સ્ટાઈલ ઇવેન્ટનો ગોલ્ડ મેડલ જીતી રિયોમાં ક્વાલીફાઈ કરેલ છે.

૫) 7 એપ્રિલ 1948 ના રોજ સયુંકત રાષ્ટ્રસંઘની સંસ્થા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી, તેમાં 61 દેશો સહમત થયા હતા.

૬) વર્ષ 2016 મુજબ તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તઈપ એદોર્ગાન છે.

૭) ચીનમાં જમીનથી 100 મીટર નીચે ગુફા હોટેલ બનાવી રહ્યું છે, તેના બે ફ્લોર પાણીની નીચે રહેશે.

૮) હાલ દિલ્હીમાં ઓટોમોટેડ ડ્રાઈવરલેસ ટ્રેન શરુ કરવામાં આવી છે, પરંતુ જ્યાં સુધી તે સંપૂર્ણ સફળ ન થાય ત્યાં સુધી તેનું સંચાલન ડ્રાઈવર દ્વારા કરવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

૯) 7 એપ્રિલના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય દિન ઉજવવામાં આવ્યો હતો, હાલ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના સભ્ય દેશો 194 જેટલા છે.

૧૦) એક સર્વે મુજબ ચીનમાં દર વર્ષે એક હજારથી વધારે લોકોને દેહાંત દંડની સજા આપવામાં આવે છે.

૧૧) હાલમાં એમનેસ્ટી ઇન્ટરનેશનલના અહેવાલમાં જાણવા મળેલ છે કે વર્ષ 2015 મુજબ વિશ્વના 25 દેશોમાં લગભગ 1634 લોકોને દેહાંત દંડની સજા કરવામાં આવી છે.

૧૨) 5 એપ્રિલ 2016 ના રોજ ઓછા ખર્ચ વાળા નાના સૌર ઉપકરણ-સૂર્ય જ્યોતિનો કેન્દ્ર સરકાર દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે.

૧૩) યુનેસ્કોના મહાસભા સંમેલનના અધ્યક્ષ સ્ટેનલી મુટુમ્બા સીમ્મટટા અને યુનેસ્કોના મહાનિર્દેશક ઈરીના બોકોવાએ 4 એપ્રિલ 2016 ના રોજ શિક્ષા અને પ્રશિક્ષણ હેતુ બે નવા સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

૧૪) હાલમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા ભારત અને સ્વીડન વચ્ચે રેલવે ક્ષેત્રમાં તકનીકી સહયોગ માટે મંજુરી આપેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પ ડાઉનલોડ કરો**

Edusafar

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૫) 5 એપ્રિલ 2016 ના રોજ આર.બી.આઈ.એ પ્રથમ દ્વિ માસિક નાણાકીય નીતિ વર્ષ 2016-17 ના રેપોરેટમાં 0.25 ટકાનો ઘટાડો જાહેર કરેલ છે.

૧૬) મ્યાનમાર દેશની સંસદ દ્વારા આંગ-સાન સુને વિશેષાધિકાર આપવાના હેતુથી એક પ્રસ્તાવને પારિત કરવામાં આવેલ છે.

૧૭) હાલમાં કેન્દ્રના કૃષિપ્રધાન રાધા મોહનસિંહે 6 એપ્રિલ 2016 ના રોજ હરિયાણા રાજ્યમાં બાગવાની વિજ્ઞાન વિશ્વવિધાલયનું ખાત મુહુર્ત કરેલ છે.

૧૮) પ્રખ્યાત હોલીવૂડ અભિનેત્રી અને પટકથા લેખિકા બારબરા ટર્નરનું 5 એપ્રિલ 2016 ના રોજ અવસાન થયેલ છે.

૧૯) 5 એપ્રિલ 2016 ના રોજ કેન્દ્રીયમંત્રી નીતિન ગડકરી દ્વારા હરિયાણાના પલવલમાં કુંડલી-માનેસર એક્સપ્રેસ વેનું લોકર્પણ કરેલ છે.

૨૦) 5 એપ્રિલ 2016 ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રીય ભૂ-વિજ્ઞાન પુરસ્કાર 2014 પ્રદાન કરવામાં આવ્યા.

Edusafar

Current affairs 50 (1) સામાન્ય જ્ઞાન 9/4/16

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

## Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧) આગામી વર્ષ 2017 થી JEE રેન્કિંગમાં ધોરણ 12 ના ગુણનું વેઇટેજ સમાપ્ત કરી દેવામાં આવ્યું છે.

૨) હાલ દેશમાં ટૂંક સમયમાં 4 CNG કોરીડોર શરુ કરવામાં આવશે, તેમાં દિલ્હી-મથુરા- આગ્રા-લખૌનઉં-બરેલી વગેરે શહેરો સામેલ કરાયા છે.

3) હાલમાં સેન્સર બોર્ડ દ્વારા જંગલ બુક ફિલ્મને U/A પ્રમાણપત્ર આપવામાં આવેલ છે.

૪) હેરી પોર્ટર શ્રેણીના લેખિકા જે.કે.રોલિંગની ખુરશી 2 કરોડ 62 લાખ 98 હજારમાં હરાજી દ્વારા વહેંચાઇ હતી.

૫) હાલમાં ફોબ્સ મેગેઝીનની એશિયાની 50 પાવરફુલ બીઝનેસ વુમન 2016 ની યાદીમાં રિલાયન્સના નીતા અંબાણી પ્રથમ ક્રમે રહ્યા છે, જયારે SBI સાથે સંકળાયેલા અરુંધતી ભટ્ટાચાર્ય બીજા ક્રમાંકે રહ્યા છે.

૬) વિશ્વમાં ગોલ્ડ મેડલ જીત્યા વગર સૌથી વધારે વીસ વાર ઓલિમ્પિકમાં રમનાર દેશ ફિલીપાઈન્સ છે.

૭) 7 એપ્રિલ 2016 ના રોજ વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલીયાએ અઝલન શાહ કપ

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

હોકી ટુર્નામેન્ટમાં ભારતને 5-1 થી કારમો પરાજય આપેલ છે.

૮) 8 એપ્રિલ 1929 ના રોજ ક્રાંતિકારી ભગતસિંહ અને બટુકેશ્વરદત્તે દિલ્હી એસેમ્બલીમાં બોમ્બમારો કર્યો હતો.

૯) હાલના ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લીમીટેડના સી.ઈ.ઓ. કેપ્ટન અજય ચૌહાણ છે.

૧૦) હાલ નાબાર્ડ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ચાલુ વર્ષે તે માર્કેટમાંથી 50 હજાર કરોડ રૂપિયાનું દેવું કરશે.

૧૧) 8 એપ્રિલ 1857 ના રોજ ક્રાંતિકારી મંગલ પાંડેને ફાંસી આપવામાં આવી હતી.

૧૨) ફિનલેન્ડમાં ભણવા માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.

૧૩) 6 એપ્રિલ 2016 ના રોજ મુંબઈ ખાતે ગ્લોબલ ઇન્ડિયન મ્યુઝીક એકડેમી એવોર્ડ સમારોહ યોજાઈ ગયો.

૧૪) ભારતના પાડોશી દેશ બર્માના બંધારણના અનુસ્છેદ 59 એફ અનુસાર જે વ્યક્તિના જીવનસાથી અથવા બાળકો પાસે વિદેશી નાગરિકત્વ હોય તેને

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

રાષ્ટ્રપતિ બનાવી શકાય નહિ.

૧૫) 6 એપ્રિલ 2016 ના રોજ હરિયાણાના કરનાલમાં બાગવાની વિજ્ઞાન વિશ્વવિદ્યાલયનું ખાતમુહૂર્ત કેન્દ્રીય કૃષિમંત્રીના હસ્તે કરવામાં આવ્યું છે.

૧૬) 6 એપ્રિલ 2016 ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા સાર્વજનિક ક્ષેત્રના ઉપક્રમો માટે કાચા ખનીજ તેલની આયાત નીતિને મંજુરી આપી દેવામાં આવી છે.

૧૭) સમગ્ર દેશમા દારૂબંધી ધરાવતા રાજ્યોમાં ગુજરાત, નાગાલેંડ, મિઝોરમ અને બિહારનો સમાવેશ થાય છે.

૧૮) ભારતમાં 4 એપ્રિલ 2016 ના રોજ ડી.સી.બી.બેંક દ્વારા પ્રથમવાર આધાર સંખ્યા અને આધાર ફિંગર પ્રિન્ટ સક્ષમ એ.ટી.એમ.ની શરૂઆત કરવામાં આવી છે.

૧૯) નાસાના ખગોળ વિજ્ઞાનીકોએ 17 અરબ સૂર્યો જેટલા મોટા બ્લૈક હોલની શોધ કરેલ છે.

૨૦) મિયામી ઓપન ટેનીસ ટુર્નામેન્ટ 22 માર્ચથી 3 એપ્રિલ 2016 ના રોજ

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

મિયામી અમેરિકામાં સંપન્ન થઇ.

Current affairs 51 (1) સામાન્ય જ્ઞાન 10/4/16

૧) હાલમાં નવી દિલ્હી શાનએ પંજાબ એક્સ્પ્રેસ ટ્રેન સંપૂર્ણ સી.સી.ટી.વી.કેમેરાથી સજ્જ દેશની પ્રથમ ટ્રેન શરુ કરવામાં આવેલ છે.

૨) આગામી 25 એપ્રિલથી સંસદનું નવું સત્ર શરુ થશે, તે 13 મી મેં સુધી ચાલશે.

3) હવેથી ડબ્બાબંધ વસ્તુ પર 6 માહિતી મુખ્ય રીતે આપવી પડશે, આ બાબત પેકેટના ઓછામાં ઓછા 40 ટકા ભાગ પર હોવી જરૂરી છે.

૪) 9 એપ્રિલ 1932 ના રોજ મુંબઈમાં પ્રથમ ગુજરાતી ફિલ્મ નરસિંહ મહેતા રજુ થઇ હતી.

૫) હાલમાં કેન્દ્ર સરકારની મંજુરી બાદ કેન્દ્ર સરપંચોને 60 લાખ રૂ.સુધીની રકમ સીધી જ મોકલશે, તેનાથી તેઓ રોડ,પાણી,રસ્તાઓ, શૌચાલયો જેવી સુવિધાઓ બાહ્ય હસ્તક્ષેપ વગર વિકસાવી શકશે.

૬) પીયુષ ચાવલાએ આઈ.પી.એલ.માં 360 ઓવર નાંખી છે, તેમાં તેણે

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

એકપણ નો બોલ નાંખ્યો નથી.

૭) હોંગકોંગ રગ્બી સેવન્સમાં પહેલા દિવસે ટોન્ગોએ બ્રાજિલને એક તરફી મુકાબલામાં પરાજિત કરેલ છે.

૮) હાલ વર્ષ 2016 મુજબ પાકિસ્તાનના આયોજનમંત્રી અહસાન ઇકબાલ છે.

૯) વર્લ્ડ વેલ્થ 2016 ના રીપોર્ટ મુજબ ભારતમાં કરોડપતિઓની સંખ્યા 2 લાખ 36 હજાર છે.

૧૦) 9 એપ્રિલ 2003 માં ઈરાકને સરમુખત્યાર સદ્દામ હુસેનથી મુક્તિ મળી હતી.

૧૧) કોમ્પિટિશન કમીશન ઓફ ઇન્ડિયાએ જાપાનીઝ ફાઈનાન્સ સર્વિસ કંપની નોમુરાને એલ.આઈ.સી.નોમુરા મ્યુ.ફંડનો 35 ટકા હિસ્સો વહેંચવાની મંજુરી આપવામાં આવી છે.

૧૨) હાલમાં સચિન તેંદુલકર સ્કીલ ઇન્ડીયાના બ્રાંડ એમ્બેસેડર બન્યા છે.

૧૩) ગુજરાતના ટેનીસ ખેલાડી દેવ જાવિયાની વિમ્બલ્ડનની પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ માટે જુનિયર વિભાગમાં અન્ડર 14 માટે પસંદગી થતા ગુજરાતના મુખ્યમંત્રીએ તેમને અભિનંદન આપ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

# Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન

૧૪) કોલેજના વ્યાખ્યાતા બનવા માટે જરૂરી નેટ (નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ) આગામી 10 જુલાઈ 2016 ના રોજ લેવાશે.

૧૫) હાલમાં કોસોવોના ડેમોક્રેટિક પાર્ટીના નેતા હાશિમ થાચીએ દેશના રાષ્ટ્રપતિ પદના શપથ ગ્રહણ કરેલ છે.

૧૬) હાલમાં મિયામી ઓપન ટેનીસ પ્રતિયોગિતા-2016 માં મહિલા સિંગલનો ખિતાબ વિક્ટોરિયા અજારેન્કાએ જીતેલ છે.

૧૭) હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા વીજળીની માંગને લઈને સામાન્ય લોકોને સશક્ત બનાવવા માટે વિદ્યુત પ્રવાહ એપની શરૂઆત કરેલ છે.

૧૮) જરૂરીયાતના સમયે રોકડ રકમ પ્રદાન કરનાર ભારતની પ્રથમ એપનું નામ કૈશ-ઈ રાખવામાં આવેલ છે.

૧૯) જાણીતા અભિનેતા ઇમરાન હાશ્મી દ્વારા ધ કિસ ઓફ લાઈફ- હાઉ અ સુપર હીરો એન્ડ માય સન ડીફીટેડ કૈન્સર નામનું પુસ્તક લખાયેલ છે.

૨૦) હાલમાં વિશ્વ બેંક સમૂહ દ્વારા જળવાયું પરિવર્તન કાર્ય યોજનાને અપનાવવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

Edusafar

**Current affairs 1 થી 10 April-16 સામાન્ય જ્ઞાન**

- પરેશ ચાવડા

નમસ્કાર, આ કરંટ અફેઈર્સની ફાઈલ એજ્યુસફર તરફથી મળેલ છે.

વોટ્સેપ પર અપડેટ્સ મેળવવા માટે 78 78 5 91 0 92 આ નંબર સેવ કરી, GK લખી વોટ્સેપથી મેસેઝ સેન્ડ કરશો.

આ ફાઈલની પ્રિન્ટ કરી ઝેરોક્ષ કરી, મિત્રોને ભેટ પણ આપી શકો છો....

Edusafar

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પ્સ ડાઉનલોડ કરો